જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૩૧/૦૧/૨૦૧૮ બુધવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૦૪/૧૮

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૩ કેસ કરી, ૩૫ વ્યક્તિઓને ઝડપી, ૬૩૮ લીટર દેશી દારૂ, ૩૨ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૨૦૦ બિયર ટીન, ૨ સ્કૂટર અને ૧ કાર કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૧ કેસ કરી ૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૫,૦૨૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૦૫/૧૮

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સીઆર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૯૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ હેઠળ ૧૦ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

## છેતરપીંડીની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૨૦૬/૧૮

**પાલડીઃ** રાજકુમાર જયપ્રકાશ પટેલ (રહે. હનુમાનનગર પવિત્રકુંજ સોસાયટી પાછળ સી.ટી.એમ.ક્રોસ રોડ) તા.૧૪/૧/૧૮ બપોરના ૩/૦૦ વાગ્યાના સુમારે પાલડી મહાલક્ષ્મી ચાર રસ્તાની બાજુમા આવેલ ઉન્નતી સ્કુલની સામેથી પોતાનુ મોટર સાયકલ ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક્સીડન્ટ થતા ઈજાઓ થતા અજાણી વ્યક્તિ રાજકુમારનુ મોટર સાયકલ નંબર ૧ બીઆર ૨૮૮૬ કિમત રૂપિયા ૫૦,૦૦૦/- પોતાના ઘરે અથવા નજીકના પોલીસ સ્ટેશન પહોચાડી દેવાનુ કહી લઈ જઈ આજદીન સુધી ઘરે કે પોલીસ સ્ટેશન ખાતે જમા નહી કરાવી છેતરપીંડી કરી છે. આ અંગેની ફરીયાદ રાજકુમાર પટેલે તા.૩૦/૧/૧૮ નારોજ પાલડી પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ વુ.પો.સ.ઇ શ્રી કે.ડી.હડીયા ચલાવે છે.

## ઘરફોડઃ- સમાચાર યાદી નં.૨૦૭/૧૮

**મણીનગરઃ** સુજયાબહેન વા/ઓ ક્રિષ્ણાભાઈ શેટ્ટી (રહે. રામાનંદ એપાર્ટમેન્ટ, કાંકરિયા ગેટ નંબર-૪ પાસે, મણિનગર) એ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩૦/૧/૧૮ બપોરના ૩/૪૫ થી ૪/૪૫ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોનાની ચેઈન, કાનની બુટ્ટી, નેકલેશ, બંગડી, રિંગ મળી કુલ કિમત રૂપિયા ૧,૮૯,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એચ.આઈ.રબારી ચલાવે છે.

**ચોરી :-** **સમાચાર યાદી નં.૨૦૮/૧૮**

**વસ્ત્રાપુર**ઃ કિર્તીકાબહેન વ્યોમેશ પટેલ (ઉ.વ.૩૯) (રહે.તુલસી બંગ્લોઝ ગુલાબ ટાવર પાસે સોલા રોડ થલતેજ) એ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩૦/૧/૧૮ બપોરના ૧/૩૦ વાગ્યાના સુમારે મેમનગર ગુરૂકુળ રોડ ચશ્મીસ આઇવેર સ્ટુડીઓ નામની દુકાન આગળ પોતાની કારમાં બેસી રહ્યા હતા ત્યારે અજાણી વ્યક્તિએ કારનો દરવાજો ખખડાવી જમીન તરફ ઇશારો કરતા, કિર્તીકાબહેન કારનો દરવાજો ખોલી નીચે ઉતરતા, કિર્તીકાબહેનની નજર ચુકવી, અજાણી વ્યક્તિ કારની સીટમાં રાખેલ બેગની ચોરી કરી લઇ ગઇ હતી. બેગમાં સોનાનુ મંગળસુત્ર ચશ્મા અને રોકડ રૂપિયા ૩૫,૦૦૦/- મળી રૂપિયા ૯૯,૦૦૦/- મતા હતી. આ ગુનાની તપાસ મ.સ.ઈ.શ્રી જયંતીલાલ મણીલાલ ચલાવે છે.

**સોનાની ચેઈન ખેચી તોડી લઈ ગયાઃ-** **સમાચાર યાદી નં.૨૦૯/૧૮**

**શાહીબાગ**ઃ ડૉ વિનોદ મદનલાલજી જૈન (ઉ.વ.૪૪) (રહે. ઇલાઇટ કો.ઓ. ડફનાળા રોડ શાહીબાગ) એ શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩૦/૧/૧૮ બપોરના ૩/૧૫ વાગ્યાના સુમારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ નંદનબાગ સોસાયટી પાસે આવેલ બંગલા નંબર-૧૨ નજીકથી ડૉ વિનોદ જૈનની માતા ઉભરાદેવીના ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૨૦,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.પી.ડાભી ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૨૧૦/૧૮**

**સરખેજ**ઃ નીતલબહેન ડો/ઓ અશોકભાઈ ગાંધી (ઉ.વ.૪૦) (રહે. હાર્મીટિજ વીલા અમજબાગ પાર્ટી પ્લોટની ગલી આંબલી રોડ) ડીપ્રેશનથી પીડાતા હોઈ તા.૩૦/૧/૧૮ રાતના સમયે પોતાના ઘરે પંખાના હુકમાં ચુંદડી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે સરખેજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એન.પી.સોનારા ચલાવે છે.

**શહેરકોટડા**ઃ ડેનિયલ ઉર્ફે અલ્પેશ અંકુરભાઇ રાજવંશ (ઉ.વ.૩૯) (રહે. આશાપુરા ફ્લેટ વિકાસ એસ્ટેટ પાસે અનિલ સ્ટાર્ચ ત્રણ રસ્તા પાસે શહેરકોટડા) એ બિમારીથી કંટાળી તા.૩૦/૧/૧૮ સાંજના ૬/૨૦ વાગ્યા પહેલા ના સમયે પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે શહેરકોટડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી હમીરભાઇ અળસીભાઇ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.